# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમા

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ :04-08-2024 રવિવાર** **સમય: સાંજે : ૬:૨૫**

## પી.એમ - મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડિજિટલ એરેસ્ટનાં નામે થતી છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરી છે. આજે સવારે 'મન કી બાત' કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આ પ્રકારનાં ગુનાને ડામવા માટે તમામ તપાસ સંસ્થાઓ રાજ્ય સરકારો સાથે મળીને કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ મન કી બાતના શ્રોતાઓ માટે સાઇબર ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ અને ગુનેગાર વચ્ચેના સંવાદને રજૂ કર્યો હતો. તેમણે લોકોને કોઇને પણ પોતાની વ્યક્તિગત નાણાકીય માહિતી ન આપવા સલાહ આપી હતી અને રાષ્ટ્રીય સાઇબર હેલ્પલાઇન 1930 ડાયલ કરવા અથવા તો cybercrime.gov.in પર આવી ઘટનાની જાણ કરવા સલાહ આપી હતી.

(બાઈટ : PM )

આવતીકાલે વિશ્વ એનિમેશન દિવસ છે, ત્યારે પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, વૈશ્વિક એનિમેશનમાં ભારત નવી ક્રાંતિની દિશામાં આગળ વધી રહ્યું છે. તેમણે લોકોને ભારતને વૈશ્વિક એનિમેશન પાવર હાઉસ બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરવા જણાવ્યું હતું. તેમણે ખુશી વ્યક્ત કરી કે ઢોલકપુર કા ઢોલ અને ક્રિશ્ના, હનુમાન તથા મોટુ-પતલુ જેવી એનિમેટેડ શ્રેણીઓ વિશ્વભરમાં વખણાઇ છે.

આત્મનિર્ભર ભારત અભિયાનને સફળ ગણાવતા ખુશી વ્યક્ત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આ ઝૂંબેશ રાષ્ટ્રની સામૂહિક ચેતનાનો હિસ્સો બની ગઈ છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આત્મનિર્ભર બન્યા બાદ ભારત 85 દેશોમાં સંરક્ષણ ઉપકરણોની નિકાસ કરી રહ્યું છે. મન કી બાતમાં શ્રી મોદીએ બહાદુર અને દીર્ઘદ્રષ્ટા એવા બે નાયકો- સરદાર પટેલ અને ભગવાન બિરસા મુંડાનો ઉલ્લેખ કર્યો. તેમણે જાહેરાત કરી કે 31 ઓક્ટોબરથી સરદાર પટેલની, જ્યારે 15 નવેમ્બરથી ભગવાન બિરસા મુંડાની પણ 150મી જન્મજયંતીની ઉજવણી શરૂ થશે.

પ્રધાનમંત્રીએ મન કી બાતના શ્રોતાઓને આગામી તહેવારો-ધનતેરસ, દિવાળી, છઠ પુજા અને ગુરુ નાનક જયંતીની શુભેચ્છા પાઠવી હતી.

RNU AHMDAVAD

એક અગત્ય ની જાહેરાત

**આકાશવાણી ભુજ પરથી મન કી બાત ને આવરી લેતું કચ્છી બુલેટીન આજે સાંજે ૦૭.વાગ્યે અને ૦૫ મીનીટે પ્રસારિત થશે.**

અગત્ય ની જાહેરાત પૂરી થઇ.

.

**તૌફીક સમા**

---

## ST બસ ની વધારાની ટ્રીપ નું આયોજન

દિપોત્સવી પર્વના અનુસંધાને સૌ કોઈ ઘર પરિવાર સાથે ઉજવણી કરવા માટે વતન તરફ સરળતા થી જઈ શકે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કચ્છ જિલ્લાના દસેદસ તાલુકા મથકોએ અને જિલ્લા મુખ્ય મથક ભુજને સાંકળતી વધારાની 200 જેટલી ટ્રીપનું આયોજન કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે નોકરિયાત વર્ગ ફરજ દરમિયાન હેડ ક્વાર્ટરમાં રહેતા હોય છે, જેમાં શિક્ષકો ઉપરાંત અન્ય નાની મોટી સરકારી કચેરીના કર્મચારીઓનો સમાવેશ થતો હોય છે. એક સ્થળે થી બીજા સ્થળે જવા લાંબુ અંતર કાપવાનું હોય છે. લોકો મોટા દિવસોએ ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વના સ્થળોઓ જતા હોય છે તો કેટલાક હરવા ફરવા જતા હોય છે.જે માટે પ્રવસીઓને અગવડતા ન પડે તે માટે વધારાની ટ્રીપો નું આયોજન એસ ટી વિભાગ દ્વારા કરાયું છે.

તૌફીક સમાં

---

## અંધજન જન મંડળ ખાતે દિવાળી પર્વની ઉજવણી

અંધજન મંડળ કેસી.આર.સી માં બહુ દિવ્યાંગ બાળકો માટેનું ડે કેર સેન્ટરમાં દિવાળી પર્વની ઉજવણી કરાઈ હતી જેમાં શરૂઆતમાં બાળકો શિક્ષકો અને વાલીઓ દ્વારા રંગોળી બનાવવામાં આવી હતી. ત્યારબાદ બાળકોએ ફટાકડા ફોડવાનો આનંદ માણ્યો હતો. દરેક બાળકને વિવિધ સખી દાતાઓ દ્વારા મીઠાઈ,મગ અને ફૂડ પેકેટનું વિતરણ કરાયું હતું.

તૌફીક સમાં

---

## માંડવી : વ્યાપાર મેળો ૨૦૨૪

માંડવી જૈન જાગૃતિ સેન્ટર દ્વારા માંડવી માં સતત બીજા વર્ષે શહેરના ટાગોર રંગભવનમાં વ્યાપાર મેળો 2024 નું આયોજન કરાયું હતું.સતત બીજા વર્ષે યોજાયેલા આ વ્યાપારના મેળામાં તમામ 24 સ્ટોલ ની મુલાકાત લઇ મહાનુભાવો  ને નગરજનો પ્રભાવિત થયા હતા.

તૌફીક સમાં

---

## અંજાર શહેર હેલ્થ કેમ્પ

અંજાર શહેર ખાતે આરોગ્ય વિભાગ  ને ભુજની સામાજિક સંસ્થા કચ્છ મહિલા વિકાસ સંગઠનના સંયુક્ત ઉપક્રમે વાયરલ ઇન્ફેક્શન તાવ ની સારવાર માટેનું હેલ્થ કેમ્પ નું  આયોજન કરવામાં આવ્યું જેમાં 104 દર્દીઓએ લાભ લીધો.જેમાં નિદાન સ્થળ પર નિ:શુલ્ક દવાઓ પુરી પાડવામાં આવી હતી. તેમજ કિશોરીઓનું બ્લડ ટેસ્ટ પણ નિ:શુલ્ક કરી આપવમાં આવ્યું હતું.

તૌફીક સમાં

---

## રાપર : સેવા સેતુ કાર્યક્રમ

રાપર તાલુકાના ચિત્રોડ ખાતે સેવાતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાશનકાર્ડને,જાતિના દાખલા, આવક ના દાખલા,આધારકાર્ડ, બસ પાસ, આરોગ્ય લક્ષી, વીજ વિભાગ,પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સહાય મેળવવા બાબત સહિતની વિવિધ કામગીરી કરવામાં આવી હતી જેમાં ૧૦૦ થી વધુ  રજીઓનું સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યુ  હતું. તમામ શાખાઓના કર્મચારીઓ, ધિકારીઓ  ને મામલતદાર સહિત નો સ્ટાફ  જોડાયો હતો.

તૌફીક સમાં

---